# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૭-૦૮-૨૦૨૪ શનિવાર          સમય : સાંજે ૬:25 કલાકે**

---

## તબીબ હડતાલ:

કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આજે દેશની સાથે રાજ્યમાં તબીબો હડતાળ કરી રહ્યા છે.

અમદાવાદ મેડિકલ એસોસિએસન દ્વારા ગઈકાલે પત્રકાર પરિષદ યોજીને આ હડતાળની જાહેરાત કરવામાં આવી હતી. જે અંતગર્ત આજે સવારે છ વાગ્યાથી લઇને આવતીકાલે સવારે ૬ વાગ્યા સુધી ઓપીડી તેમજ તમામ તબીબી પ્રક્રિયાથી તબીબો અળગા રહેશે.

ત્યારે રાષ્ટ્રવ્યાપી આદેશના પગલે ભુજની જીકે જનરલ હોસ્પિટલના જુનિયર ડોક્ટર એસોસિએશન દ્વારા ઓપીડી સેવા બંધ રખાયા બાદ આઈએમએ ભુજ સાથે જોડાયેલા જીલ્લાના તમામ તબીબો આપાતકાલીન સિવાયની આરોગ્ય સેવાઓથી દૂર રહ્યા હતા.

આજે ભુજ ખાતે તબીબ મંડળની રેલી કાઢવામાં આવી હતી અને વિવિધ તબીબી મંડળના ૫૦૦ જેટલા પ્રતિનિધિઓએ ભુજ કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર આપી આ ઘટનાના કસુરવારોને કડકમાં કડક સજા થાય અને તબીબો પર ભવિષ્યમાં આ પ્રકારની ઘટના ન ઘટે એ માટે સલામતી માટે ખાસ કાયદો ઘડી તેનો અમલ કરાય તેવી માંગણી કરાઈ હતી.

- (RNU અમદાવાદ, વિરલ રાણા,N.P.)

---

## કે. ગૃહમંત્રી-ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદમાં 188 લોકોને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કરશે. અમદાવાદ ખાતે યોજાયેલા આ વિશેષ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે એમ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

શ્રી સંઘવીએ કહ્યું, જે લોકોએ પાડોશી દેશોમાં દમનના કારણે ભારતમાં આશ્રય મેળવ્યો છે. તેમને નાગરિકતા પ્રદાન કરાશે. આ પ્રમાણપત્રોનું વિતરણ નાગરિકતા સુધારા ખરડો એટલે કે, CAAના અમલીકરણની દિશામાં રાજ્યનું એક નિર્ણાયક પગલું સાબિત થશે.

- (RNU અમદાવાદ)

---

## એક રાખી દેશ કે જવાનો કે નામ:

રાજ્યની ૫૩ હજાર આંગણવાડીઓની બહેનોએ ૧ લાખ ત્રણ હજારથી વધુ રાખડીઓનું રક્ષા કવચ દેશની સરહદે તૈનાત વીર જવાનોને મોકલવાનું આયોજન કર્યું છે.

ભાઈ બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધનને સૈનિકો સરહદ પર રહીને પણ મનાવી શકે તે માટે "એક રાખી દેશ કે જવાનો કે નામ" અંતર્ગત ગુજરાતે આ અભિગમ દાખવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મહિલા બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ આ રાખડી કળશ 16 મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રીના લેફટનન્ટ કર્નલ રાકેશ કુમાર અને સબ મેજર જનરલ સંતોષ કામટેને અર્પણ કર્યા હતા.

- (RNU અમદાવાદ)

---

## ગાંધીધામ-બાંદ્રા ટ્રેન:

પશ્ચિમ રેલ્વે દ્વારા ૨૭ ટ્રેન ના ફેર વધારવામાં આવ્યા છે જેમાં, ગાંધીધામથી બાંદ્રા વચ્ચે દોડતી સાપ્તાહિક ટ્રેન નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

રેલવેના સત્તાવાર સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ વિશેષ શ્રેણીમાં દોડતી ગાંધીધામ-બાંદ્રા ટ્રેન ૨૫ જુલાઈ સુધી દોડાવવાનું નક્કી કર્યું હતું. હવે આ ટ્રેનને ૨૬ ડીસેમ્બર સુધી દોડાડવા નિર્ણય કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, આ ટ્રેન ગાંધીધામથી દર ગુરુવારે રાત્રે સાડા ૧૨ વાગ્યે રવાના થઇ બીજા દિવસે બપોરે ૨ ને ૨૦ કલાકે બાન્દ્રા પહોંચશે. બાંદ્રાથી પરત સાંજે ૦૭:૨૦ કલાકે રવાના થઇ બીજા દિવસે સવારે ૮ ને ૪૦ કલાકે ગાંધીધામ પહોંચશે.

- (વિરલ રાણા,N.P.)

---

## વરિષ્ઠ નાગરિક-આરોગ્ય શિબિર:

રાષ્ટ્રીય આયુષ મિશન અંતર્ગત "વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ" નિમિતે જિલ્લાના આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા વડીલોના જીવનની સ્વાસ્થ્યલક્ષી ગુણવતા સુધારી સ્વસ્થ અને સુખી સમાજના નિર્માણમાં મદદ કરી શકાય તે હેતુથી આયુર્વેદ શાખા કચ્છ દ્વારા આગામી ૨૧ ઓગષ્ટના સવારે ૦૯:૩૦ થી બપોરે ૧ વાગ્યા સુધી વરિષ્ઠ નાગરીકો માટે આરોગ્ય શિબિરો નું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ભુજ તાલુકાના માધાપર વૃદ્ધાશ્રમ અને સરકારી આયુર્વેદ દવાખાનું, સુખપર, અંજાર વૃદ્ધાશ્રમ, નખત્રાણા તાલુકામાં સરકારી આયુર્વેદ દવાખાનુ નખત્રાણા , અને જીવન સંધ્યા

વૃદ્ધાશ્રમ, રોહા સુમરી આ ખાતે કેમ્પોનું આયોજન કરાયું છે. તેમ જિલ્લા આયુર્વેદ અધિકારી જિલ્લા પંચાયત કચ્છ ભુજની એક યાદીમાં જણાવાયું છે.

- (મા.ખા. ભુજ)

---

## શેરી રમતોત્સવ-લેવાપટેલ સમાજ કચ્છ:

વિલુપ્ત થતી શેરી રમતોને પુનઃ સ્થાપિત કરવા કચ્છી લેવાપટેલ એજ્યુકેશન અને મેડીકલ ટ્રસ્ટ સંચાલિત કુમાર વિદ્યાલયના ઉપક્રમે આજે સવારે ભુજના સરદાર પટેલ વિદ્યાસંકુલ ખાતે શેરી રમતોત્સવ ૨૦૨૪ નું આયોજન કરાયું હતું. આ રમતોત્સવની કચ્છ-બનાસકાંઠા બોર્ડર રેંજ ના આઈજી ચિરાગ કોરડીયા તેમજ પટેલ સમાજના આગેવાનો દ્વારા સ્ટાર્ટ અપાયો હતો. આ શેરી રમતોત્સવમાં ભાગ લેનાર બાળકોએ ખુબ ઉત્સાહભેર પરંપરાગત રમતોમાં ભાગ લીધો હતો. આ તકે ઉપસ્થિત મહાનુભાવોએ લુપ્ત થઇ રહેલી શેરી રમતો ફરી લોકપ્રિય બને અને ભાવી પેઢી આ રમતો રમતી થાય તે દિશામાં પ્રયાસો કરવા ભાર મુક્યો હતો.

- (વિરલ રાણા,N.P.)

---

## નખત્રાણા સામુહિક આરોગ્ય કેન્દ્ર:

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નખત્રાણાના સમુહીક આરોગ્ય કેન્દ્રને વધુ સુવિધાસભર બનાવવા કરવા અંદાજે ૨૫ કરોડની રકમ મંજુર કરવામાં આવી છે. આ અંગે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે, આ રકમથી ૧૦૦ પથારીની સંપૂર્ણ સુવિધાથી સજ્જ હોસ્પીટલનું નિર્માણ થશે. જેને કારણે પશ્ચિમ કચ્છના છેવાડાના ગામના લોકોની આરોગ્ય સુવિધામાં વધારો થશે.

- (વિરલ રાણા,N.P.)

---

## વરસાદ:

જીલ્લામાં આ જે વહેલી સવારથી વરસાદી વાતાવરણ વચ્ચે ભુજ, ખાવડા, દયાપર, નખત્રાણા, માંડવી, ભચાઉ સહિતના વિસ્તારોમાં હળવા થી ભારે વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં. દરમિયાન, હવામાન વિભાગે આગામી ૪ દિવસ હળવા વરસાદની આગાહી કરી છે.

- (વિરલ રાણા,N.P.)

---